*This Question Paper contains 6 printed pages.*

Seat No.: 

Sl. No.: 100655

# 080(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 61 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ આપો.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ છે.
5) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1થી 15 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરીને લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

**1)** સંભોગ વખતે નરનું શિશ્ન કેટલું બહાર આવે છે ?

(A) 10 થી 15 સે.મી. (B) 25 થી 30 સે.મી.

(C) 35 થી 40 સે.મી. (D) 45 થી 50 સે.મી.

**2)** એક અંડાશનું વજન કેટલું હોય છે ?

(A) 5 થી 7 ગ્રામ (B) 10 થી 15 ગ્રામ

(C) 20 થી 25 ગ્રામ (D) 30 થી 35 ગ્રામ

**3)** પશુઓમાં કયાં પશુમાં અંડપાતની સંખ્યા સૌથી વધારે હોય છે ?

(A) ડુક્કર (B) કુતરી

(C) બકરી (D) ગાય

**4)** અંડાશય પર શું થવાના કારણે ગાય વારંવાર ખૂંટે આવે છે ?

(A) મસો (B) પિતકાય

(C) સિસ્ટ (D) ઓવરી

5) ગાયના સગર્ભાવસ્થા કાળના દિવસો કેટલા હોય છે ?

(A) 200 થી 220 દિવસો (B) 230 થી 240 દિવસો

(C) 250 થી 260 દિવસો (D) 280 થી 285 દિવસો

6) શારીરિક ખોડવાળા, ઉમરવાળા કે ઠેકવામાં અશક્ત સાંઢ પાસેથી વીર્ય મેળવવા કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) મસાજ (B) થીજવણ

(C) વિદ્યુત અપસારણ પદ્ધતિ (D) કૃત્રિમ યોનિની પદ્ધતિ

7) થીજવેલ વીર્યને કેટલા સેલ્સિયસ તાપમાને સંગ્રહવું પડે છે ?

(A) – 150° સે. (B) – 196° સે.

(C) – 160° સે. (D) – 37° સે.

8) આંતરરાષ્ટ્રીય ગર્ભપ્રતિરોપણ સોસાયટીની સ્થાપના ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1949 (B) ઈ.સ. 1973

(C) ઈ.સ. 1974 (D) ઈ.સ. 1975

9) હડકવા રોગનું મૃત્યુ પ્રમાણ કેટલાં ટકા છે ?

(A) 100% (B) 50%

(C) 25% (D) 10%

10) ગળસૂંઢા રોગને હિન્દીમાં શું કહે છે ?

(A) લંગડી (B) સાકરડો

(C) રેબિક (D) ગળઘોટું

11) ઓક્સિટોસિન અંતઃસ્ત્રાવની અસર આઉમાં કેટલી મિનિટ સુધી જ રહે છે ?

(A) 4 (B) 8

(C) 12 (D) 16

12) વિશ્વમાં દૂધ ઉત્પાદનની દૃષ્ટિએ ભારતનો કયો ક્રમ આવે છે ?

(A) પ્રથમ (B) બીજો

(C) ત્રીજો (D) ચોથો

13) દૂધનું ઉત્કલનબિંદુ કેટલા સે. હોય છે ?

(A) 100° સે. (B) 100.2° સે.

(C) 103.2° સે. (D) 105.2° સે.

14) દહીં બનાવવા માટે ગરમ વાતાવરણમાં કેટલું મેળવણ નાખવું પડે છે ?

(A) નહિવત (B) વધારે

(C) ઓછું (D) પુષ્કળ

15) આણંદ ખાતે ઇ.સ. 1919 માં કઈ ડેરીની સ્થાપના થઈ ?

(A) દૂધ સાગર (B) આબાદ ડેરી

(C) સાબર ડેરી (D) પોલસન ડેરી

## વિભાગ - B

■ **નીચેના 16 થી 30 પ્રશ્નોના ગુણ સરખા છે. જેના ઉત્તરો એક વાક્યમાં કે એક શબ્દમાં લખો. દરેક પ્રશ્નનો 1ગુણ છે.** **[15]**

16) નરની બે જાંઘ વચ્ચે લટકતી થેલી આકારનાં અંગને શું કહેવામાં આવે છે ?

17) ગર્ભાશયગ્રીવા કોને કહેવામાં આવે છે ?

18) પાલતુ પશુઓમાં વેતરચક્રની લંબાઈ કેટલા દિવસની હોય છે ?

19) કયા પ્રાણીઓને 'ફ્રિમાર્ટિન' પ્રાણી કહે છે ?

20) ભેંસના સગર્ભાવસ્થા કાળનાં દિવસો લખો.

21) વીર્ય ગ્રહણની વ્યાખ્યા આપો.

22) વીર્યને થીજવવાની પ્રક્રિયા દરમિયાન કેટલા ટકા શુક્રાણુંઓ નાશ પામે છે ?

23) ગાય - ભેંસના દર મિનિટે નાડીનાં ધબકારા કેટલા હોય છે ?

24) પશુઓમાં વિષાણુઓથી થતાં ચાર રોગોનાં નામ લખો.

25) ગાય - ભેંસના ખાલી આઉનું વજન જણાવો.

26) દૂધ દોહનની માત્ર રીતો લખો.

27) ગરમ કરીને ઠંડું પાડેલ દૂધ કેટલા કલાક સુધી બગડતું નથી ?

28) ‘છાશ’ એ કોની આડપેદાશ છે ?

29) આપણા દેશનાં કુલ દૂધ ઉત્પાદનનાં કેટલા ટકા દૂધમાંથી દહી બનાવવામાં આવે છે ?

30) પાઉડરનાં કોઈપણ બે પ્રકારનાં નામ જણાવો.

## વિભાગ - C

■ **નીચેના આપેલા 31 થી 42 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે જેના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નનાં 2 ગુણ છે. કુલ 12 પ્રશ્નોમાંથી કોઈપણ 10ના જવાબ લખવા.** **[20]**

31) અધિવૃષ્ણનું કાર્ય લખો.

32) યોનિહોઠનાં બે કાર્ય લખો.

33) યોનિલિંગ કોને કહેવામાં આવે છે ?

34) F.S.H અને L.H. નું આખું નામ આપો.

35) પાડી અને દેશી વોડકીને ફેળવવા યોગ્ય શારીરિક વજન જણાવો.

36) તનુકરણ કરેલ વીર્યને કઈ કઈ રીતે સંગ્રહ કરવામાં આવે છે ?

37) કૃત્રિમ બીજદાન માટે હાલ કઈ બે પદ્ધતિઓનો ઉપયોગ થાય છે ?

38) આરામથી બેઠેલા અને ખોરાક ખાતા પશુઓ એક મિનિટમાં કેટલી વખત શ્વાસોચ્છ્વાસ કરતાં હોય છે

39) ખરવા - મોંવાસા રોગને હિન્દી અને અંગ્રેજીમાં કયા નામથી ઓળખવામાં આવે છે ?

40) ખરવા રોગનાં કોઈપણ બે લક્ષણો લખો.

41) ગાંઠિયા તાવને હિન્દી અને અંગ્રેજીમાં કયા નામે ઓળખવામાં આવે છે ?

42) બેક્ટેરિયા સિવાય સરાળવું રોગ થવનાં અન્ય કારણો ટૂંકમાં જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 43 થી 55 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે. માગ્યા મુજબ જવાબો લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે. કુલ 13 પ્રશ્નો છે તેમાંથી કોણપણ 10 નાં જવાબો આપો.** **[30]**

**43)** વૃષણ કોથળી વિશે ટૂંકનોંધ લખો.

**44)** ઈસ્ટ્રોજન અંતઃસ્ત્રાવના કાર્યો જણાવો.

**45)** ઋતુકાળ વિશ્રામમાં પ્રોજેસ્ટીરોગ અંતઃસ્ત્રાવ હેઠળ ગર્ભાશયમાં કેવા ફેરફાર જોવા મળે છે ?

**46)** દૂઝણા પશુને વસુકાવવાની માત્ર પદ્ધતિઓ જણાવો.

**47)** પશુમાં વિયાણ પૂર્વેનાં લક્ષણો જણાવો.

**48)** કૃત્રિમ પદ્ધતિથી વીર્ય પ્રાપ્ત કરવાની રીતે જણાવી મસાજ પદ્ધતિ વિશે વિગતે લખો.

**49)** શ્વાસોચ્છ્વાસ માપવાની રીતો જણાવી દષ્ટિથી માપવાની રીત વિશે વિગતે લખો.

**50)** ગળસૂંઢા રોગનાં લક્ષણો જણાવો.

**51)** દૂધાળા પશુનાં આઉ - આંચળ એ પશુપાલકોની મોટી મૂડી છે. કારણ આપો.

**52)** સ્વચ્છ દૂધ ઉત્પન્ન કરવાના માત્ર છ ઉપાયો લખો.

**53)** તફાવત આપો આકસ્મિક જામેલું દહીં અને મેળવણ નાખી જમાવેલું દહીં વિશે ત્રણ - ત્રણ મુદ્દાઓ લખો.

**54)** આધુનિક ડેરી ઉદ્યોગે ક્યાં દુગ્ધ પદાર્થો દેશનાં બજારમાં મૂક્યાં છે ? તેની યાદી તૈયાર કરો.

**55)** દૂધમાં કઈ કઈ રીતે ભેળસેળ કરી શકાય તે જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 56 થી 61 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે. જેના વિસ્તૃત જવાબ લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે. કુલ 6 પ્રશ્નો છે તેમાંથી કોઈપણ 4 નાં જવાબો આપો.** **[20]**

**56)** સગર્ભાવસ્થાકાળ પર અસર કરતાં પરિબળો વિગતે લખો.

**57)** કૃત્રિમ બીજદાનના ફાયદાઓ જણાવો.

**58)** ભારતમાં હાલ ગર્ભપ્રતિરોપણનું સંશોધન કરતાં મુખ્ય કેન્દ્રો જણાવો.

**59)** સુયોગ્ય દોહનના નિયમો લખો.

**60)** દૂધના ભૌતિક ગુણધર્મોની દરેક વિશે ટૂંકમાં માહિતી આપો.

**61)** કયા માલને ખોટી છાપવાળો 'મિસ બ્રાન્ડેડ' માલ કહી શકાય છે ?

◆◆◆